# બાળકોમાં શિસ્ત કેવી રીતે લાવશો ?

આજકાલ ઘર કે શાળામાં બાળકોના વર્તનથી વાલી કે શિક્ષક ક્યારેક ખુશ નથી. વાલી કે શિક્ષક જે ઇચ્છે તે પ્રમાણે બાળકો વર્તન કરતા નથી. પરિણામે વાલી અને શિક્ષક બંને દુ:ખી થાય છે. જો દબાણ પૂર્વક શિસ્ત લાવવાના પ્રયત્નો કરવામાં આવે તો પરિણામ ધાર્યા આવતા નથી. પરિણામે પ્રશ્ન ઊભો થાય છે કે શું બાળકો ઇચ્છે તેમ અને ધારે તેમ કરવા દેવું ? આ બાબત બાળકોની શિસ્ત સાથે સંકળાયેલ પ્રશ્ન છે. તો આવો વિચારીએ કે બાળકોમાં શિસ્ત લાવવા માટે શાળા અને વાલી એ શું કરવું જોઇએ.

પહેલો પ્રશ્ન થાય કે શિસ્ત એટલે શું? બાળકો બોલ્યા ચાલ્યા વિના, અદબ વાળીને બેસી રહે એને શિસ્ત કહીશું ? ના. તો અમદાવાદમાં એક શિક્ષકે પોતાના જન્મ દિવસ પર કેક ન કાપીને કે પોતાના પરિચિતોને ન બોલાવીને ઉજવેલા જન્મ દિવસ પર ભરુચથી માંડીને મહેસાણા જિલ્લા સુધીના શિક્ષકોએ વિચારેલી વાત અહીં રજૂ કરું છું. આ શિક્ષકોના મતે શિસ્ત એટલે, પોતાની જાત પર નિયંત્રણ. સામાજિક રીતે યોગ્ય વ્યવહાર. શોભે એવું વર્તન. સારો જીવન વ્યવહાર. દેખિતો સભ્ય વ્યવહાર. પોતાની વાણી અને વર્તન પર યોગ્ય નિયંત્રણ.

શિસ્ત ધરાવતા બાળકોના વર્તન કેવા હોય ? તો, તેઓ શાળા કે ઘર કે સમાજે બનાવેલ નિયમોનું પાલન કરતા હોય. શાળામાં નિયમિત ગણવેશ પહેરે , શાળા કક્ષાના દરેક કાર્યોમાં સમયપાલન કરે. શાળામાં રિસેસ કે છૂટતી વખતે શાળાએ કરેલા નિયમોનું પાલન કરે. પોતાનાથી નાના સભ્યને પોતાના વર્તન દ્વારા શિસ્ત શીખવે. શિસ્ત ધરાવતા બાળકોના ઘરમાં પણ ચોક્કસ પ્રકારના વર્તનો જોવા મળે છે. જેમકે, માતા-પિતાની આજ્ઞાનું પાલન કરે, પોતે ઉપયોગ કરતો હોય તે વસ્તુઓ યોગ્ય સ્થાને રાખે અને ગોઠવે. પોતાના ભાઇ બહેન સાથે યોગ્ય વ્યવહાર કરે. મહેમાનો કે પરિચિતો સાથે યોગ્ય વ્યવહાર કરે. ( આજે તો કરેટલાક ઘરમાં મહેમાન આવે એટલે બાળક પોતાના રૂમમાં ચાલ્યો જાય છે. વાલી ઘેર ન હોય અને કોઇ પરિચિત વ્યક્તિ ઘેર આવે તો હસીને સ્વાગત કરતા પણ નથી આવડતું ) ઘરના નિયમોનું પાલન કરે. શિસ્ત ધરાવતા બાળકમાં સામાજિક વર્તનો પણ જોઇએ. જેમકે, જાહેર સ્થળો કે સમારંભોમાં પોતાનું વર્તન યોગ્ય રાખે, જાહેર સ્થળોએ નિયમોનું પાલન કરે, ટ્રાફિકના નિયમોનું પાલન કરે, રસ્તાની ડાબી બાજુએ વાહન હાંકે, જાહેર મિલકતોની જાળવણી કરે અને નુકશાન તો ન જ કરે. અન્ય કોઇ નુકશાન કરતું હોય તો તેને અટકાવે. ગંદકી ન કરે. દરેક વ્યક્તિ સાથે શાળા, ઘર કે સમાજમાં સભ્યતા ભર્યા વાણી અને વર્તન કરે.

બાળકોમાં શિસ્ત લાવવા માટે લાંબાલાંબા ભાષણો સાર્થક ન પણ નીવડે. આવા સમયે કેટલાક સૂત્રો-ઉક્તિઓનો ઉપયોગ કરવો જોઇએ. જેમકે, શિસ્તનો સહવાસ, જીવનમાં ઉજાશ. શિસ્ત એ સફળતાની પગદંડી છે. શિસ્ત વધારો, આત્મવિશ્વાસ વધશે. શિસ્ત વિનાનો માણસ રાક્ષસ સમાન છે. શિસ્તની શરૂઆત મારાથી જ. શિસ્ત વિનાનું જીવન એટલે બ્રેક વગરનું વાહન વગેરે. બાળકોની સામે મહાન વ્યક્તિઓના શિસ્ત વિષયક ઉંદાહરણો પૂરા પાડવા જોઇએ. જેમકે, ગાંધીજી, વિવેકાનંદના જીવનના ઘણાં પ્રસંગો, સૈન્યની શિસ્તના ઉદાહરણો વગેરે. આ ઉપરાંત શિસ્ત શીખવવા માંગતી વ્યક્તિ પોતાના વર્તન વ્યવહારથી બાળકોમાં શિસ્ત વિકસાવવાનો પ્રયત્ન કરશે તો ઝડપથી ધારી સફળતા મળશે.

બાળકોમાં શિસ્તના મૂલ્યને વિકસાવવા શાળા કક્ષાએ કેટલીક પ્રવૃત્તિઓ ચોક્કસ પણે કરવી જોઇએ. જેમકે, શાળામાં લાઇન-હારબંધ આવવું-જવું. પ્રાર્થનામાં કે વર્ગખંડમાં શાંતિથી બીજાને ખલેલ ન પડે તે રીતે બેસવાની ટેવ પાડવી, શાળાની મિલકતો જાળવવાની જવાબદારી સોંપવી, અન્ય બાળકને મદદ કરે તેવી ભાવના વિકસાવવી, બાળકોને જવાબદારી વાળા કાર્યો સોંપવા અને તેમની પર વિશ્વાસ રાખવો. વગેરે. આ ઉપરાંત શિક્ષકે પણ પોતાના વર્તન દ્વારા બાળકોને શિસ્તના પાઠ શીખવવાના છે, ત્યારે શિક્ષકના વર્તન કરેવા હોવા જોઇએ ? શિક્ષકે સમયનું ચૂસ્ત પાલન કરવું જોઇએ. સમયસર શાળામાં આવવું અને જવું, સમયસર વર્ગખંડમાં આવવું જવું વગેરે. પોતાના પોશાક, વાણી અને વર્તન દ્વારા આદર્શ વ્યક્તિનું ઉદાહરણ પૂરું પાડે. પોતે લીધેલા સંકલ્પો અને તેનું પાલન કરતા હોવ ત્યારે તેને વિદ્યાર્થી સમક્ષ રજૂ કરો. સમાજમાં બનતી ઘટનાઓમાંથી પ્રગટતી શિસ્તની વાતો કરો, તેમજ જ્યાં જ્યાં અશિસ્ત જેવું દેખાય તેને વખોડવાની તક બાળકો સાથે ઝડપો. વિવિધ પ્રસંગો બાળકો સામે રજૂ કરો. જેમાં શિસ્તથી થયેલ લાભ અને અસિસ્તથી થયેલ નુકશાન બાળકોને જણાવો. શિસ્તમાં રહેતા બાળકોને પ્રોત્સાહિત કરો અને અશિસ્ત આચરતા બાળકોને શિસ્તમાં લાવવા સમજાવો. શિક્ષક એકલો ગમે તેટલું કરશે પણ જો વાલીનો સહકાર નહીં હોય તો પણ ધારી સફળતા નહીં મળે. શિક્ષકે શાળામાં અને વાલીએ ઘરમાં શિસ્તનો આગ્રહ રાખવાનો છે, તેમજ ઉદાહરણરૂપ બનવાનું છે. વાલીએ પણ બાળક પાસે ઘરમાં કેટલીક બાબતોનો આગ્રહ રાખવો જોઇએ. જેમકે, પોતાનું કામ જાતે જ કરે, વડીલો સાથે સભ્યતાપૂર્વકનું વર્તન કરે. વ્યક્તિગત સ્વચ્છતા જાળવે. ઘરના નિયમોનું ચૂસ્તપણે પાલન કરાવે. ઘર બહાર જાહેર સ્થળોએ કેવા વર્તન કરવા જોઇએ તેનું માર્ગદર્શન વાલી આપે, તેમજ અયોગ્ય વર્તન માટે સતત ચેતવણી પણ આપે. આમછતાં કેટલાક વાલી પોતે જ અશિસ્ત આચરતા હોય છે, જેને જોઇને બાળકો પણ તેમના જેવા વર્તન કરતાં થઇ જાય છે. ક્યારેક ઘરમાં સભ્યો વચ્ચેના ઝગડા કે અશિસ્તભર્યા વાણીવ્યવહારથી પણ બાળકો તેમના જેવું જ કરતા થાય છે. વાલી પોતે બાળકો પાસે શિસ્ત કે સારા વર્તનોની અપેક્ષા રાખે છે, પણ પોતે તેમાંથી છટકવાનો પ્રયત્ન કરે છે. માટે જ ઘણાં બાળકો પોતાના વાલીનું કહ્યું માનતા નથી. આવા વાલીને જાગૃત કરવા માટે શાળાએ પણ સામાજિક ફરજ ગણીને જવાબદારી ઉઠાવવી જોઇએ. શાળાએ અવારનાવર વાલી મિટીંગ કરવી જોઇએ. વાલીને તેમના બાળકોની શિસ્તને લગતી બાબતોથી પરિચિત કરવા જોઇએ. શિસ્ત વિષયક રોલ પ્લે, નાટકો, માઇમ વગેરે વાલી સમક્ષ રજૂ કરવા જોઇએ. બાળકોએ કરેલ પ્રવૃત્તિ કે સારાં કામને વાલી સમક્ષ રજૂ કરવા જોઇએ. શાળાના વિવિધ કાર્યક્રમોમાં વાલીને અવશ્ય પણે ભાગીદાર બનાવવા અને પૂરતી કાળજી રાખી આમંત્રિત કરવા. શાળામાં વિદ્યાર્થીના સારા વર્તન માટે કે ચોક્કસ પ્રગતિ માટે વાલીની હાજરીમાં તેમનું સન્માન કરવું. વાલીનું પણ સન્માન કરી શકાય.

ટૂંકમાં, બાળકોમાં શિસ્ત લાવવા માટે શાળા અને ઘર એટલે કે શિક્ષક અને વાલી બંનેએ પ્રયત્નો કરવા પડશે. આ માટે વિવિધ પ્રવૃત્તિઓ અને પોતાના વર્તનો દ્વારા બાળકોમાં શિસ્ત પ્રત્યેનો લગાવ પેદા કરવો પડશે. તો જ સફળતા મળશે.